# પ્રકરણ - ૭

# ઉપસંહાર

# પ્રકરણ-૭ ઉપસંહાર

વ્યક્તિનાં કાર્ય પાછળ કોઈ ને કોઈ ભાવલાગણી એક પ્રેરક તરીકે સામેલ હોય છે. તે સુખદ અને દુ:ખદ બંને પ્રકારની હોય છે. એનાથી પ્રેરાઈને ક્યારેક તે આનંદિત તો ક્યારેક વ્યથા અને વેદનાઓથી ઘેરાયેલો જોવા મળે છે. આપણે જાણ્યું કે નકારાત્મક ભાવનાઓ માનસિક સંઘર્ષ માટે કારણભૂત બની રહે છે. સ્ત્રી અને પુરુષ બંનેની ભાવસંવેદનાને વ્યક્ત કરવાની રીત જુદી જુદી છે. મનોવૈજ્ઞાનિક સંશોધનોમાં પણ પુરુષની સરખામણીમાં સ્ત્રીહૃદય વધુ લાગણીશીલ અને ભાવાત્મક હોય છે તેવું ફલિત થયું છે. સદીઓથી સ્ત્રીની સ્વતંત્રતા પર અંકુશ રખાયો છે. જેનાં કારણે એની ઇચ્છાઓનું દમન થતું રહે છે. માટે જ જ્યાં સ્ત્રી છે ત્યાં ભાવસંઘર્ષ છે એમ કહીએ તો ખોટું નથી. સ્ત્રી અને સંઘર્ષ એક સિક્કાની બે બાજુઓ સમાન છે.

કુન્દનિકા કાપડીઆનાં તમામ વાર્તાસંગ્રહોનું વિશ્લેષણ કરતાં તેમાં સ્ત્રીજીવનનું સુપેરે આલેખન કરેલું જોવા મળે છે. તેમણે સ્ત્રીનાં વિવિધ મનોભાવોને, વ્યથાઓને, પ્રશ્નોને, વર્તણૂકોને પોતાનાં સાહિત્યસર્જનમાં આલેખ્યાં છે. આ કારણે સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ દર્શાવતી ઘણી વાર્તાઓ અહીં જોવા મળી જાય છે. તેમના પાંચેય વાર્તાસંગ્રહોની કુલ ૧૦૪ વાર્તાઓમાંથી ૫૭ વાર્તાઓમાં સ્ત્રીનો ભાવનાત્મક સંઘર્ષ જોવા મળ્યો છે. એટલે કે કુલ વાર્તાઓમાંથી અડધોઅડધ વાર્તાઓમાં સ્ત્રીસંઘર્ષ રજૂ થયો છે. આ કારણે તેમની વાર્તાઓમાં રહેલ સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ વિષય પર સંશોધન કરવાનું શક્ય બન્યું છે. વાર્તાઓનાં સમજપૂર્વકનાં અધ્યયન બાદ તેમાં રહેલા સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષને શોધી, વિસ્તૃત છણાવટ કરી આ વિશ્લેષણ તૈયાર કર્યું છે.

જીવનની અણગમતી ઘટનાઓને કારણે સ્ત્રીઓ ભાવનાત્મક સંઘર્ષની સ્થિતિમાં મૂકાય છે. પોતાનું ધાર્યું ન થવાથી અને ઇચ્છાભંગ થવાથી તેનામાં નકારાત્મક ભાવનાઓ જન્મે છે. જે સંઘર્ષનું કારણ બને છે. વાર્તાકારે નાનપણથી જ સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતા અને ભેદભાવ જોયાં છે. એક સ્ત્રી તરીકે પોતાને પણ આવા ઘણાં અનુભવો થયાં છે. જીવનનાં અનુભવો, વિચારો, સમાજમાં જોયેલી સ્ત્રીની

અવદશા, તત્કાલીન સમયગાળો અને વાતાવરણ, તથા એ સમયગાળામાં થયેલ નારીચેતના સંબંધી સાહિત્યસર્જન વગેરેની અસર આ વિષયના આલેખનમાં જોવા મળે છે.

આ પ્રકારનાં સર્જન પાછળનો તેમનો ઉદ્દેશ નકારાત્મક ભાવનાઓની સ્ત્રીના માનસપટ પર કેવી અસરો થાય છે? વધુ પડતા સંઘર્ષને કારણે કેવાં પરિણામ આવી શકે? તે બતાવવાનો છે. તેમણે આ વાર્તાઓમાં ભાવનાત્મક સંઘર્ષનું નિરાકરણ પણ દર્શાવ્યું છે. જેનો મૂળ હેતુ સંઘર્ષમાંથી કેવીરીતે બહાર નીકળી શકાય? તે માટેનો છે. આ ઉપરાંત સંઘર્ષ દર્શાવવા માટે તેમણે જે સમસ્યાઓ લીધી છે તેના દ્વારા સ્ત્રીના અધિકારો માટે સમાજને જાગૃત કરવાનો હેતુ જોવા મળે છે. સ્ત્રીને સ્વતંત્રતા મળે, જાહેર જીવનમાં યોગ્ય સ્થાન મળે, સ્ત્રી-પુરુષમાં સમાનતા સ્થપાય એવો આશય વાર્તાઓમાં વ્યક્ત થયો છે.

આ સંશોધનમાં કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષને તપાસવામાં આવ્યો છે. જેનો ઉદ્દેશ્ય તેમની વાર્તાઓનાં સ્ત્રીપાત્રો પર થતી ભાવનાત્મક સંઘર્ષની અસરો અને તેનાં પરિણામ તપાસવાનો છે. જેના દ્વારા આ સંશોધન સ્ત્રીઓની ભાવલાગણીઓને વાચા આપવામાં સહાયક બનશે. એમની ભાવનાઓને ઠેસ પહોંચવાથી કેવો માનસિક સંઘર્ષ ઉદ્દભવે છે તેનો પણ સમાજને ખ્યાલ આવશે. સ્ત્રીના ભાવવિશ્વને વધુ ઊંડાણથી સમજવામાં મદદરૂપ થશે. આ વિષય પર સંશોધન કરનાર સંશોધનકર્તાઓ માટે આ ગ્રંથ ઉપયોગી સાબિત થશે.

તેમની વાર્તાઓમાં ભાવનાત્મક સંઘર્ષના ઉદ્દીપન માટે અનેક પ્રકારનાં પરિબળો કારણભૂત બનતાં જોવાં મળ્યાં છે. જેમાં મુખ્યત્વે સ્ત્રીમનોગત ભાવલાગણીઓ, ઇચ્છાઓ, અસંતોષ, વિચાર, કલ્પના, અનુભવો, દુ:ખદ ઘટનાઓ, વિચારોમાં વિસંગતતા, એકલતા, વૃદ્ધાવસ્થા, પ્રેમનિષ્ફળતા, નિ:સંતાનપણું, સ્વજનો દ્વારા ઉપેક્ષા, સમાજમાં સ્ત્રીનું સ્થાન, પુરુષનું તેના પર આધિપત્ય, સમાજની અર્થવ્યવસ્થા, આસપાસનું વાતાવરણ વગેરેનો સમાવેશ કર્યો છે. વાર્તાઓમાં સ્ત્રીસંઘર્ષને પોષક પરિબળોમાં વિવિધતા જોવા મળી છે. ચયન કરેલી વાર્તાઓમાં ઉપરોક્ત પરિબળો ઓછા-વત્તા પ્રમાણમાં સ્ત્રીના ભાવનાત્મક સંઘર્ષને ઉજાગર કરીને પોષવામાં સહાયક બનતાં જોવાં મળ્યાં છે.

મોટાભાગની વાર્તાઓમાં સ્ત્રીસંઘર્ષની નિર્માણપ્રક્રિયા માટે વાર્તાકારે એક કરતાં વધુ પરિબળોને ખપમાં લીધેલાં જોવાં મળે છે. એમની વાર્તાઓમાં સ્ત્રીનાં દયા, પ્રેમ, સ્નેહ, વાત્સલ્ય જેવા મનોભાવોની સાથે સાથે આંતરિક વિચારોની મથામણ પણ સંઘર્ષ માટે કારણભૂત બની છે. અહીં સ્ત્રીપાત્રોની ઇચ્છા અને સમાજવ્યવસ્થા જેવા પરિબળો પણ સંઘર્ષ માટે નિમિત્ત બનતાં જોવાં મળે છે. આમ, મોટાભાગની વાર્તાઓમાં આંતરિક અને બાહ્ય પરિબળોનો સુપેરે સમન્વય સધાયો છે. આ પરિબળો જયારે પાત્ર સામે ઉપસ્થિત થાય છે ત્યારે તેની સકારાત્મકતા કે નકારાત્મકતાનું જ્ઞાન થાય છે. વસ્તુ કે પરિસ્થિતિ માફક ન આવવાને કારણે પાત્રોનાં મનમાં વિરોધ ઉત્પન્ન થાય છે. ધીમે ધીમે તે કોઈ ચોક્કસ નકારાત્મક ભાવનાનું સ્વરૂપ ધારણ કરે છે અને ભાવનાત્મક સંઘર્ષમાં પરિણમે છે. આ સંઘર્ષને કારણે એમનાં પાત્રો દુઃખની લાગણી અનુભવતાં જોવાય છે. ભાવનાત્મક સંઘર્ષને દર્શાવવા માટે વાર્તાકારે વૃદ્ધાવસ્થા, પ્રેમનિષ્ફળતા, નિ:સંતાનપણું, ઇચ્છા-અપેક્ષાઓ, સમાજવ્યવસ્થા, વિધવાજીવન, સ્ત્રી સ્વભાવગત લાગણીઓ વગેરેને વિષય તરીકે આલેખ્યાં છે.

અનેક પ્રશ્નો અને સમસ્યાઓને કારણે સ્ત્રીને એનાં જીવનમાં ભાવનાત્મક સંઘર્ષનો સામનો કરવો પડે છે. આ સંઘર્ષ સ્વ સાથે, પુરુષ સાથે, સ્ત્રી સાથે, સમાજ સાથે અથવા અન્ય સાથે જોવા મળે છે. કુન્દનિકા કાપડીઆની વાર્તામાં રહેલા સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષને ચકાસવા માટે પણ આ જ મુખ્ય પાંચ શ્રેણીને ધ્યાને રખાઈ છે. સંઘર્ષને વિવિધ શ્રેણીમાં વિભાજીત કરતાં જણાય છે કે મહદંશે વાર્તાકારનાં સ્ત્રીપાત્રો પોતાની વ્યથા અન્યને જણાવી શક્યાં નથી. જેના કારણે મનોમન ઉદ્દીપ્ત થતાં વિચારોમાં એમનો સ્વ સાથેનો સંઘર્ષ જોવા મળ્યો છે. પુરુષ સાથેના સંઘર્ષવર્ણનમાં સ્ત્રીપાત્રોની સંઘર્ષનો સામનો કરવાની રીત બદલાતી જોવા મળે છે. પુરુષની અણગમતી બાબતોનો વિરોધ દર્શાવવાની હિંમત આ પાત્રો કરી શક્યાં છે. તેમની વાર્તાઓમાં સ્ત્રીના સ્ત્રી સાથેના સંઘર્ષની અસરકારકતા જણાતી નથી. સમાજે ઘડી કાઢેલાં સ્ત્રીની સ્વતંત્રતા વિરોધી નિયમો અને અર્થવ્યવસ્થા પણ અહીં સંઘર્ષ માટે કારણભૂત બન્યાં છે. આ સ્ત્રીપાત્રો સમાજવ્યવસ્થાને મનોમન કોસતાં જોવાય છે. તેમનો સમાજ સાથેનો કે અન્ય સાથેનો સીધો સંઘર્ષ અહીં જોવા મળતો નથી.

તેમનાં સ્ત્રીપાત્રોની કેટલીક આશા-આકાંક્ષાઓ છે. એની અતૃપ્તિનો અસંતોષ પણ છે. ક્યાંક પુરુષની દમનકારીવૃત્તિ છે તો ક્યાંક સમાજનાં રૂઢિવાદી નિયમોનું આધિપત્ય છે. ક્યાંક પોતાનું અસ્તિત્વ શોધવાની મથામણ છે તો ક્યાંક એની સ્વભાવગત લાગણીઓ સંઘર્ષનું કારણ બની છે. તેમનાં સ્ત્રીપાત્રો તણાવ વગરનું અને બંધન રહિતનું જીવન જીવવા માંગે છે. સાચા સુખ અને પ્રેમની શોધમાં મનોમન વ્યથિત થતાં, લગ્નનાં બંધનમાં સ્વતંત્રતાની ઝંખના કરતાં, વૃદ્ધત્વમાં ઉપેક્ષાનો ભોગ બનતાં, અને સામાજિક વિદ્રોહને સહન કરતાં તેમનાં સ્ત્રીપાત્રો જીવનમાં શાંતિ મેળવવા પ્રયાસ કરતાં જોવા મળે છે. જેના કારણે તેમનો સંઘર્ષ જોવા મળે છે.

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રીના ભાવસંવેદનોને વાચા અપાઈ છે. સ્ત્રીહૃદયનાં ગૂઢ સ્પંદનોને પારખીને નારીહૃદયનાં ભાવનાત્મક સંઘર્ષનું આલેખન અહીં જોવા મળ્યું છે. તેમણે સમાજનાં ઊજળિયાત, નિમ્ન, ગ્રામીણ અને શહેરી સ્ત્રીઓનાં જીવન દ્વારા તેમનાં મનોહૃદયનો ચિતાર આપ્યો છે. તેમની વાર્તાઓમાં રહેલા સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષને ચકાસવા માટે અહીં ભય, ક્રોધ, હતાશા, ઘૃણા, ઇચ્છા, પીડા, અફસોસ, તિરસ્કાર અને ઈર્ષ્યા જેવી નવ નકારાત્મક ભાવનાઓને ધ્યાને રખાઈ છે. સંઘર્ષ માટે પ્રેરક બનતી આવી ભાવનાઓની વિવિધતા તેમની વાર્તાઓમાં જોવા મળી છે. જેના વિનિયોગ વડે તેમણે નારીમનમાં આંદોલિત થતી સુખમય અને દુઃખમય ભાવોર્મિઓને અભિવ્યક્ત કરી આપી છે.

એમની વાર્તાઓમાં મુખ્યત્વે હતાશાનો સંઘર્ષ દર્શાવતી વાર્તાઓ વધુ જોવા મળે છે. આ સંઘર્ષ માટે મુખ્યત્વે સ્ત્રીપાત્રોનો ઇચ્છાભંગ કારણભૂત છે. પોતાની ઇચ્છાઓનો અંસંતોષ જાગે છે ત્યારે તેઓ હતાશામાં સરી પડતાં જોવાય છે. બીજા ક્રમે પાત્રોની ઇચ્છાઓ સંઘર્ષનું કારણ બની છે. તીવ્ર ઇચ્છાને વશ થઈ તેઓ સંઘર્ષમાં મૂકાતાં જોવા મળે છે. સામાજિક નિયમો જયારે તેમની ઝંખનાને અવરોધે છે ત્યારે તેમનો સંઘર્ષ ઉદ્દીપ્ત થાય છે. ઇચ્છાના કારણે આ પાત્રોમાં અન્ય સહાયક ભાવો ઉદ્દીપ્ત થાય છે. જેના ઉદ્દીપન પાછળ પાત્રોની તીવ્ર ઇચ્છા જ કારણભૂત બનતી જોવા મળે છે. ત્રીજા ક્રમે તિરસ્કાર સાથેનો સંઘર્ષ દર્શાવતી વાર્તાઓ મળે છે. તિરસ્કાર ભાવના સાથેના સંઘર્ષમાં સ્ત્રીપાત્રોમાં જે તે ઉદ્દીપક તરફ અવગણનાનો ભાવ જાગૃત થાય છે. એ અવગણના એટલી હદે વધે છે કે અંતમાં

તેઓ સંઘર્ષને ઉજાગર કરતાં પરિબળો કે ઉદ્દીપકોને તિરસ્કૃત કરતાં જોવા મળે છે. વાર્તાની નાયિકાઓ સંઘર્ષની સ્થિતિમાં જે નિર્ણય લે છે તેમાં બદલાનો ભાવ જોવા મળે છે.

વ્યક્તિ જયારે પ્રિયપાત્રોનો સાથ ગુમાવે છે અથવા તેમને મુશ્કેલીમાં જુએ છે ત્યારે તે પીડા અનુભવે છે. આ સંઘર્ષ માટે સ્વજનો તરફની તીવ્ર લાગણી સહાયક બને છે. એમની વાર્તાઓનાં સ્ત્રીપાત્રોને અન્ય સ્વજન પ્રત્યે તીવ્ર લાગણી છે. જેના કારણે તેઓ પીડાના ભાવ સાથે સંઘર્ષ કરતાં જોવા મળે છે. સમાજનાં બંધનોનો ક્રોધ પણ એમની વાર્તાઓમાં જોવા મળ્યો છે. સ્વતંત્ર વિચારો ધરાવતાં એમના પાત્રો આવા બંધનો અને પતિનાં આધિપત્યનો વિરોધ કરે છે. જે તેમનાં ક્રોધ રૂપે પ્રગટ થાય છે. એકબીજાના વિચારોનો મેળ ન થવાથી નાની નાની વાતોમાં રકઝક થવી સામાન્ય છે. લગ્નજીવનમાં આવી સામાન્ય બાબતો જ ઘરકંકાસનું મૂળ બનતી હોય છે. ક્રોધનાં આલેખન માટે આવા સામાન્ય લાગતાં વિષયનો પણ ઉપયોગ થયો છે. ઈર્ષ્યા સાથેનો સંઘર્ષ વધુ નથી. માત્ર બે વાર્તાઓમાં તેનું આલેખન થયું છે. એમની માત્ર એક જ વાર્તામાં ભયનો સંઘર્ષ નિરૂપિત છે. અન્ય ગૌણ ભાવો પણ મુખ્ય ભાવનાને પોષવા માટે પ્રેરક બન્યા છે. જેના કારણે પાત્રોની મુખ્ય ભાવના તીવ્ર બનતી જાય છે. સંઘર્ષની તીવ્રતા મુજબ સ્ત્રીપાત્રો પર જુદી જુદી અસરો વર્તાય છે.

ભાવનાત્મક સંઘર્ષ દર્શાવતી વાર્તાઓમાં મોટાભાગે સુખદ નિરાકરણો જોવા મળે છે. તેમની વાર્તાઓનાં સ્ત્રીપાત્રો સંઘર્ષની સ્થિતિમાં સમજદારીથી કામ લે છે. જીવનની વિકટ પરિસ્થિતિઓને અનુકૂળ થઈને સુખી રહેવાની શીખ મેળવતાં, સ્વમાંથી જ નિરાકરણ શોધી લેતાં પાત્રો અહીં જોવા મળે છે. આ રીતે આ પાત્રો નકારાત્મક ભાવનાઓનું ઊર્ધ્વીકરણ કરતાં જોવા મળે છે. આંતરસ્ફૂરણા થકી નાયિકાઓને આત્મસભાનતા આવે છે. જે એમને સુખદ નિરાકરણ માટે પ્રેરે છે. ઘણી વાર્તાઓમાં સંઘર્ષનું કારણ બનનાર અન્ય પાત્રો પણ અંતમાં સહકાર આપે છે. જેના કારણે તેમની સંઘર્ષમય સ્થિતિ અંતમાં સુખદ ક્ષણોમાં ફેરવાય છે. વાર્તાઓમાં નાયિકાઓ બદલાતી પરિસ્થિતિ સાથે તાલમેલ સાધી સુખદ અને ઇચ્છિત પરિણામ મેળવે છે. પતિપ્રેમના ઓછાયા હેઠળના દમનને સહી ન શકતી નાયિકાઓ પતિના આધિપત્યને પડકારે છે. અંતમાં તે પોતાની સ્વતંત્રતા તરફ ડગ માંડે છે. ઘડપણની અવસ્થામાં દરેક

વૃદ્ધજન પ્રેમ અમે હૂંફને ઝંખે છે. તેની વિપરીત એમને સ્વજનોની અવગણના સહન કરવાનો વારો આવે છે. એમની વાર્તાઓનાં વૃદ્ધ સ્ત્રીપાત્રો પણ સંઘર્ષમાંથી મુકત થવા બનતા પ્રયત્નો કરતાં જોવા મળે છે. ઘડપણમાં પણ પુત્રોને તરછોડતા અને સ્વતંત્ર રહેવાનો નિર્ધાર કરી યોગ્ય નિરાકરણ લાવે છે. અમુક નાયિકાઓ સંઘર્ષની સ્થિતિનો સ્વીકાર કરીને રહી જાય છે. વધુ પડતી પીડાનો સંઘર્ષ એમનાં સ્ત્રીપાત્રો માટે નુકસાનકારક બન્યો છે. આ કારણે એમનાં પાત્રો મૃત્યુ પામતાં, માનસિક સંતુલન ગુમાવતાં જોવા મળે છે. પીડાનો સંઘર્ષ દર્શાવતી વાર્તાઓનાં પાત્રોમાંથી માત્ર એક પાત્ર જ બહાર આવતું જોવા મળે છે. આ પરથી કહી શકાય કે પીડાનો સંઘર્ષ આ સ્ત્રીપાત્રો માટે વધુ ઘાતક સાબિત થયો છે.

આ વાર્તાઓમાં સદાકાળથી ચાલી આવતી વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરેલો જોવા મળે છે. જેમાં પ્રથમ અને ત્રીજો પુરૂષ એકવચન કથનપ્રયુક્તિ, પીઠઝબકાર પ્રયુક્તિ, દ્વિકેન્દ્રી પ્રયુક્તિ, પત્ર, ચેતનાપ્રવાહ, મનોગત ઉક્તિઓ, પ્રતીક, સહોપસ્થિતિ, પત્ર, સ્વપ્ન, સંવાદ અને ભાષાશૈલી મુખ્ય છે. પાત્રના ભાવનાત્મક સંઘર્ષને દર્શાવવા માટે વાર્તાકારે આ પ્રયુક્તિઓનો વિનિયોગ કર્યો છે. કથાપાત્રોનાં ભાવનાત્મક સંઘર્ષનાં નિરૂપણ માટે તેમણે ફ્લેશબૅક, પત્ર, ચેતનાપ્રવાહ, મનોગત ઉક્તિઓ, પ્રતીક, સંવાદ, વર્ણન, ભાષાશૈલીનો સહાયક પ્રયુક્તિઓ તરીકે પણ સુપેરે ઉપયોગ કરીને સ્ત્રીવિષયક સંઘર્ષને ઉઘાડ્યો છે.

સંઘર્ષને ઉજાગર કરવા માટે વાર્તાકારે મહત્તમ વાર્તાઓમાં ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ કરાયો છે. સંઘર્ષની અસર હેઠળ નાયિકાઓના માનસપટ પર વિચારોની હારમાળા રચાય છે. એ મથામણમાં એમની સંઘર્ષમય સ્થિતિનો ખ્યાલ આવે છે. આમ, સંઘર્ષ નિરૂપણ માટે આંતરચેતનાપ્રવાહ પ્રયુક્તિ વધુ ઉપયોગી સાબિત થઈ છે. અહીં કથન પ્રયુક્તિને પણ હાથવગું સાધન બનાવાયું છે. વાર્તાઓના સ્ત્રીપાત્રો સ્વ મુખે જ એમની વ્યથા જણાવે છે. જેમાં એમની સંઘર્ષમય સ્થિતિનો ચિતાર સહજતાથી ઉઘડી આવે છે. વાર્તાઓમાં ત્રીજાપુરુષના કથન વડે પાત્રોનો સંઘર્ષ જાણવા મળે છે. આમ, અહીં કથનપ્રયુક્તિ જોવા મળે છે. વાર્તાઓમાં બે પાત્રોની વાતચીત દ્વારા પણ સ્ત્રીનો સંઘર્ષ છતો કરવામાં આવ્યો છે. સાથે સાથે સ્ત્રીપાત્રોને પોતાનો દુ:ખદ અથવા સુખદ ભૂતકાળની યાદોનું

સ્મરણ થાય છે. જે એમના ભાવનાત્મક સંઘર્ષને ઉજાગર કરે છે. આમ, અહીં સંવાદ અને પીઠઝબકાર પ્રયુક્તિ પણ યથાયોગ્ય સ્થાને ઉપયોગમાં લેવાઈ છે. આ સિવાય મનોગત ઉક્તિઓ, પ્રતીક, બાયફોકલ, પત્ર અને સ્વપ્ન પ્રયુક્તિનો થોડોઘણો વિનિયોગ કરેલો જોવાય છે.

સંઘર્ષને ઘેરો બનાવવા વાર્તાકારે જરૂર પ્રમાણે અન્ય પ્રયુક્તિઓને પણ અજમાવી છે. વાર્તાઓમાં વર્ણન દ્વારા ઉદાસ નાયિકાઓની મન:સ્થિતિ આલેખાઈ છે. વાર્તાઓમાં પાત્રોને ભૂતકાળમાં લઈ જવા માટે પીઠઝબકાર પ્રયુક્તિનો યથાસમયે ઉપયોગ થયો છે. વાર્તાઓમાં નાયિકાઓના મનની મથામણ દર્શાવવા મનોગતઉક્તિઓ કામે લાગી છે. આ ઉપરાંત વાર્તામાં નાયિકાના સંઘર્ષ દર્શાવતા વિચારો માટે ચેતનાપ્રવાહ, વક્રતા અને સૂચકનો વિનિયોગ થયો છે. ભાષાશૈલીની વાત કરીએ તો અહીં કાવ્યપંક્તિઓ, આલંકારિક વિધાનો અને ક્યાંક વાક્યનું પુનરાવર્તન મૂકી સંઘર્ષને ઘેરો બનાવાયો છે.

આમ, કુન્દનિકા કાપડીઆની ટૂંકીવાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષના નિરૂપણને મૂલવતાં નીચે મુજબનાં તારણો નિષ્કર્ષ તરીકે મળે છે.

- વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ દ્વારા કુન્દનિકા કાપડીઆએ ભારતીય સ્ત્રીસમાજનું પ્રતિબિંબ પાડ્યું છે. સ્ત્રીની સમસ્યાઓ અને પ્રશ્નોને ઉજાગર કરવાનું કાર્ય તેમના દ્વારા થયું છે.
- વાર્તાઓમાં સરળ કથાવસ્તુને ટાંકીને સ્ત્રીનો સંઘર્ષ આલેખાયો છે. જીવનની રોજબરોજની સમસ્યાઓ અને ઘટનાપ્રસંગોની ગૂંથણી કરીને તેમણે સ્ત્રીના આંતરમનનો તાગ મેળવવાના પ્રયત્નો આદર્યા છે. સ્ત્રીજીવનની સચ્ચાઈનો અનુભવ કરાવતું કથાવિશ્વ સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષના નિરૂપણ સંદર્ભે પણ સાહિત્યિકતા ધરાવે છે.
- વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષને દર્શાવવા માટે આંતરિક અને બાહ્ય પરિબળોનો સુપેરે સમન્વય સધાયો છે. અહીં સ્ત્રીમનોગત ભાવલાગણીઓ, વિચારો, એકલતા, ખાલીપો, વૃદ્ધાવસ્થા, પ્રેમનિષ્ફળતા, નિ:સંતાનપણું, પુરુષનું આધિપત્ય, સમાજવ્યવસ્થા, મહત્વાકાંક્ષા, ઉપેક્ષા જેવા પરિબળો વધુ અસરકારક બન્યા છે.

- નકારાત્મક ભાવનાઓને કારણે સ્ત્રીના માનસ પર ઓછાવત્તા પ્રમાણમાં થતી અસરો અને તેના પરિણામનો સુંદર ચિતાર આ વાર્તાઓમાં જોવા મળ્યો છે.
- સ્ત્રીને જીવનમાં આત્મવિશ્વાસથી જીવવા માટેના માર્ગદર્શનની સાથે સાથે સામાજિક સુધારણાના આશયથી સાહિત્યસર્જન કર્યું છે.
- વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષના નિરૂપણ પાછળ તેમના અનુભવો, વ્યક્તિત્વ, વિચારો, સમાજમાં જોયેલી સ્ત્રીની અવદશા, તત્કાલીન સમયગાળો અને વાતાવરણ, તથા એ સમયગાળામાં થયેલ નારીચેતના સંબંધી સાહિત્યસર્જન વગેરેની અસર આ વિષય આલેખનમાં જોવા મળે છે.
- તેમની વાર્તાઓમાં સ્ત્રીના સ્વ સાથે, પુરુષ સાથે અને સ્ત્રી સાથેના સંઘર્ષનું આલેખન જોવા મળે છે. તેમાં સ્ત્રીપાત્રોનો સ્વ સાથેનો સંઘર્ષ વધુ જોવા મળે છે. સ્વસંઘર્ષની તુલનાએ પુરુષ સાથેના અને સ્ત્રી સાથેના સંઘર્ષનું નિરૂપણ ખૂબ જ ઓછું થયેલું જોવા મળે છે.
- મહદંશે તેમનાં સ્ત્રીપાત્રો સંઘર્ષ માટે જવાબદાર પરિબળો સામે સીધો આક્રોશ વ્યક્ત કરી શક્યાં નથી. મનોમન ઉદ્દભવતા વિચારોમાં અટવાઈને તેઓ સ્વસંઘર્ષને સહન કરતાં જણાય છે. સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ વિષય સંદર્ભે એમની કલમ સ્વસંઘર્ષ તરફ વધુ ઢળેલી છે.
- અહીં સ્ત્રીના ભાવનાત્મક સંઘર્ષ માટે તેની મનોગત ભાવલાગણીઓ સૌથી વધુ અસરકારક બની છે. તેને વિષય તરીકે આલેખીને વાર્તાકારે સ્ત્રીનો સ્વ સાથેનો સંઘર્ષ નિષ્પન્ન કર્યો છે. સ્ત્રીના પ્રેમ, દયા, વાત્સલ્ય, મમતા, ઈર્ષ્યા, નફરત, ઇચ્છા જેવા ભાવનો અસંતોષ સંઘર્ષનું કારણ બન્યો છે. આ ઉપરાંત સ્વસંઘર્ષ માટે પુરુષ, સમાજ કે અન્ય પરિસ્થિતિ પણ કારણભૂત બની છે.
- મોટાભાગે એમનાં કથાપાત્રોની કોઈકને કોઈક મહેચ્છા છે. જે સંઘર્ષ માટે કારણભૂત બની છે. આમ, સ્ત્રીનો ઇચ્છાભાવ સૌથી વધુ અસરકારક આંતરિક પરિબળ તરીકે સાબિત થાય છે.
- એમની વાર્તાઓમાં પુરુષનું આધિપત્ય, સમાજના સ્ત્રી વિરોધી જડ નિયમો અને અર્થવ્યવસ્થા પણ સ્ત્રીસંઘર્ષ માટે કારણભૂત બન્યાં છે. આમ, ભારતીય સમાજવ્યવસ્થા એ સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ માટે સૌથી વધુ અસરકારક બાહ્ય પરિબળ તરીકે સાબિત થઈ છે.

- પુરુષ સાથેનો સંઘર્ષ દર્શાવતી જૂજ વાર્તાઓ અહીં છે. જેમાં સ્ત્રીપાત્રો પુરુષના આધિપત્યનો હિંમતભેર સામનો કરતાં જોવા મળે છે. પોતાને ખૂંચતી કે અણગમતી બાબતો પુરુષપાત્રને જણાવવાની હિંમત તેઓ કરી શક્યાં છે. આ કારણે ગુણવત્તાની દૃષ્ટિએ તેમની સ્ત્રીનો પુરુષ સાથે સંઘર્ષ દર્શાવતી વાર્તાઓ વધુ શ્રેષ્ઠ સાબિત થઈ છે.
- તેમની વાર્તાઓમાં સ્ત્રીપાત્રો સમાજની વ્યવસ્થા કે અન્ય પરિસ્થિતિને મનોમન કોસતાં જોવા મળે છે. અહીં તેના સ્વસંઘર્ષ માટે આ પરિબળો કારણભૂત બન્યા છે. સમાજ સાથે અને અન્ય સાથેનો સ્ત્રીનો સીધો સંઘર્ષ અહીં જોવા મળતો નથી.
- તેમની વાર્તાઓમાં હતાશા, ઇચ્છા, તિરસ્કાર, પીડા, ક્રોધ, ઈર્ષ્યા અને ભય જેવી નકારાત્મક ભાવનાઓનું આલેખન છે. જેના વડે તે કથાનાયિકાઓને સંઘર્ષની સ્થિતિમાં લઈ જઈ શક્યા છે. ભાવનાત્મક સંઘર્ષ નિરૂપણની દૃષ્ટિએ આ તેમની સાહિત્યિક સિદ્ધિ ગણી શકાય. ઘૃણા અને અફસોસ જેવી ભાવનાઓ સાથેનો સ્ત્રીસંઘર્ષ અહીં જોવા મળતો નથી.
- તેમની વાર્તાઓમાં મુખ્ય અને ગૌણ ભાવનાઓના સમન્વયથી કોઈ એક મજબૂત નકારાત્મક ભાવના સાથેનો સંઘર્ષ આકાર પામે છે.
- સંઘર્ષના વિશ્લેષણ અર્થે લીધેલ નવ નકારાત્મક સંવેદનોમાંથી સૌથી વધુ હતાશાનો સંઘર્ષ જોવા મળે છે. મોટાભાગે સ્ત્રીપાત્રોનો ઇચ્છાભંગ થવાથી આ સંઘર્ષ ઉદ્દીપ્ત થતો જોવાય છે.
- એમની વાર્તાઓમાં સૌથી અસરકારક સંવેદન પણ ઇચ્છા જ રહ્યું છે. એમનાં સ્ત્રીપાત્રો કોઈક ને કોઈક ઇચ્છાઓને ઝંખે છે. આ ઇચ્છાઓનું દમન થવાથી અથવા તેના અસંતોષથી તે સંઘર્ષમાં સરી પડતાં જોવા મળે છે.
- સમયની સાથે એમના લેખનમાં સ્ત્રીપાત્રોના ભાવનાત્મક સંઘર્ષના નિરૂપણમાં બદલાવ જોવા મળે છે. શરૂઆતનાં ત્રણ વાર્તાસંગ્રહોમાં નાયિકાઓ મૂંગા મોઢે બધું જ સહન કરે છે. એની સરખામણીમાં ચોથાસંગ્રહની સીતા, લેખા અને રાધિકા જેવી નાયિકાઓ આધિપત્યનો હિંમતભેર સામનો કરતી જોવાય છે.

- કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં ક્રોધ, ઈર્ષ્યા અને ભય જેવી ભાવનાઓ સાથેનો સ્ત્રીસંઘર્ષ વધુ જોવા મળ્યો નથી. જેની પાછળ એમના વ્યક્તિત્વની અસર જોવા મળે છે.
- એમનાં સ્ત્રીપાત્રો પર જે તે સંવેદનોની લાક્ષણિકતાઓ મુજબ ઓછી-વત્તી અસરો જોવા મળે છે. જેના કારણે ઇચ્છનીય અને અનિચ્છનીય પરિણામો પણ જોવા મળ્યાં છે. એમની વાર્તાઓમાં હતાશા અને પીડાનો ભાવનાત્મક સંઘર્ષની પાત્રો પર અનિચ્છનીય અસરો જોવાય છે. એ પરથી સાબિત થાય છે કે વધુ પડતી હતાશા અને પીડાનો સંઘર્ષ સ્ત્રી માટે વધુ ઘાતક છે.
- ભાવનાત્મક સંઘર્ષ દર્શાવતી મહત્તમ વાર્તાઓમાં સંઘર્ષનું નિરાકરણ જોવા મળે છે. જે કુન્દનિકા કાપડીઆનાં જીવન તરફનાં સકારાત્મક દૃષ્ટિકોણની આગવી સમજને ઉજાગર કરે છે.
- સંઘર્ષની સ્થિતિમાં એમનાં પાત્રો ગભરાતાં નથી. એ હિંમતથી તેનો સામનો કરે છે. વિચારે છે, મનોમંથન કરે છે અને યોગ્ય નિરાકરણ સુધી પહોંચે છે. બલ્કે ઘણાં સ્ત્રીપાત્રો સમાજના રૂઢિવાદી બંધનોને ફગાવીને સ્વતંત્ર જીવન જીવવાનો સંકલ્પ લેતાં નજરે પડે છે. આમ, તેમનાં સ્ત્રીપાત્રો સંઘર્ષમય સ્થિતિનો સામનો કરી તેમાંથી બહાર નીકળતાં જોવા મળે છે.
- તિરસ્કારનો સંઘર્ષ નિરાકરણ સાથે જ અહીં આવ્યો હોય તેમ જણાય છે. સંઘર્ષની આ સ્થિતિમાં આંતરસ્ફૂરણા થકી નાયિકાઓને આત્મસભાનતા આવે છે. જે એમને સુખદ નિરાકરણ માટે પ્રેરે છે. તે સંઘર્ષજન્ય પરિસ્થિતિને તિરસ્કૃત કરી નિરાકરણ લાવતાં જોવા મળે છે.
- મોટાભાગનાં સ્ત્રીપાત્રો ભાવનાત્મક સંઘર્ષની સ્થિતિમાં સ્વમાંથી જ નિરાકરણ શોધી લે છે. કેટલાંક અન્યની સહાય દ્વારા સમજ પ્રાપ્ત કરી નિરાકરણ સુધી પહોંચે છે.
- ભાવનાત્મક સંઘર્ષમાંથી મુક્તિ મેળવવા એમનાં સ્ત્રીપાત્રો સમાજસેવા તરફ, અધ્યાત્મ, સાદગી, સંયમ, ઈશ્વરમાં શ્રદ્ધા, પરિસ્થિતિનો સ્વીકાર અથવા વિરોધ, અને સંતોષી જીવન જેવાં નિરાકરણો તરફ દૃષ્ટિ કેળવતાં જોવા મળે છે. આવાં નિરાકરણો આપીને કુન્દનિકા કાપડીઆ સ્ત્રીઓને સંઘર્ષની સ્થિતિમાં નાસીપાસ થયા વિના તેમાંથી બહાર આવવાનો માર્ગ બતાવે છે. ભાવનાત્મક સંઘર્ષનું ઊર્ધ્વીકરણ કરી જીવનને સાચા માર્ગે વળવાનું આહ્વાન કરતાં જણાય છે.

- નિરાકરણ માટે વાર્તાકારે નવીન માર્ગ જણાવ્યા છે. જેમાં લગ્ન કરીને પુરુષનું સ્ત્રીના ઘરે જવું, ઘડપણમાંની એકલતાને દૂર કરવા યોગ્ય પાત્ર સાથે નવું જીવન શરૂ કરવું વગેરે છે.
- એમની વાર્તાઓમાં ભાવનાત્મક સંઘર્ષને સહન ન કરી શકતાં પાત્રો પણ જોવા મળે છે. સંઘર્ષના કારણે વધુ પડતાં ઉત્તેજિત થઈ મૃત્યુને ભેટતાં, નાસીપાસ થઈ આત્મહત્યા કરી લેતાં અને માનસિક સ્થિરતા ગુમાવતાં પાત્રો પણ અહીં છે. જેના આલેખન દ્વારા એક સ્ત્રીના હૃદય પર નકારાત્મક ભાવનાઓની કેટલી તીવ્ર અને ઘાતક અસરો થઈ શકે છે એ વાત દર્શાવવાનો હેતુ અહીં નિહિત થયેલો જણાય છે.
- ભાવનાત્મક સંઘર્ષ માટે કથનપ્રયુક્તિ, ચેતનાપ્રવાહ, સંવાદ, મનોગત ઉક્તિઓ, પીઠઝબકાર, બાયફોકલ, સ્વપ્ન પ્રયુક્તિ, પ્રતીક, પત્ર અને ભાષાકર્મ જેવી સદાકાળથી વપરાતી આવેલી પ્રયુક્તિઓને જ ઉપયોગમાં લીધેલી જણાય છે. અહીં નવીન પ્રયુક્તિઓ જોવા મળતી નથી.
- ભાવનાત્મક સંઘર્ષના આલેખન માટે જરૂર જણાય ત્યાં પ્રયુક્તિઓનો ઉચિત વિનિયોગ થયો છે. વાર્તામાં ક્યારે, કયું વર્ણન કે ટૅકનિક મૂકીને વાર્તાને નવો વળાંક આપવો એ વાર્તાકારની કલમની વિશેષતા છે.
- સંઘર્ષ નિરૂપણ માટે વાર્તાઓમાં વિશેષતઃ ચેતનાપ્રવાહ અને કથનપ્રયુક્તિનો સવિશેષ અને અસરકારક ઉપયોગ જોવા મળ્યો છે. જેના દ્વારા તેમણે સંઘર્ષ અનુભવતાં પાત્રોની મનઃસ્થિતિને ખુલ્લી પાડી છે. પીઠઝબકાર, મનોગત ઉક્તિઓ અને સંવાદ જેવી પ્રયુક્તિઓ સંઘર્ષને વધુ ઘેરો બનાવવામાં સહાયક બની છે. અહીં પ્રતીક, સ્વપ્ન, પત્ર અને બાયફોકલ જેવી પ્રયુક્તિઓ પણ સંઘર્ષ માટે અજમાવવામાં આવી છે. જૂજ વાર્તાઓમાં જ તેનો વિનિયોગ કરેલો જોઈ શકાય છે.
- કુન્દનિકા કાપડીઆએ ટૂંકીવાર્તાઓ વડે સ્ત્રીના મનની ઇચ્છાઓ, આંકાક્ષાઓને સમાજ સામે ખુલ્લી પાડી છે. જેના દ્વારા તે સમાજને સ્ત્રીઉન્નતિ માટેનો માર્ગ મોકળો કરવા માટેનું એક આહવાન કરતાં જણાઈ આવે છે.

- સમગ્રતયા તેમણે સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષના આલેખન દ્વારા નારીહૃદયનાં ગૂઢ સ્પંદનોને વાચા આપવાનું ઉત્કૃષ્ઠ કાર્ય કરી બતાવ્યું છે. જે સ્ત્રીસશક્તિકરણ માટેની નવીન દિશાઓના દરવાજે ટકોરા મારવા જેવું પુણ્યશાળી બન્યું છે.
- સંઘર્ષમાંથી બહાર નીકળવાના યોગ્ય માર્ગ તેમણે દર્શાવ્યા છે. એને અનુસરીને કોઈના પણ બંધન વિના પોતાની ઇચ્છાઓ મુજબનું જીવન જીવવા માટેની પ્રેરણા તેમની વાર્તાઓમાંથી મળે છે. જીવનને વધુ ને વધુ સુંદર બનાવીને મનુષ્ય અવતારને સફળ બનાવવાની વાત અહીં રજૂ કરાઈ છે.